GJKT010051602025

| | |
|---|---|
| આંક | :૧૪/એ |
| દાખલ તારીખ | :૧૪/૧૧/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | :૧૪/૧૧/૨૦૨૫ |
| નિકાલ તારીખ | :૨૮/૦૭/૨૦૨૬ |
| સમય | :વર્ષ માસ દિવસ<br>૦૦ – ૦૮ – ૧૩ |

સત્યમેવ જયતે

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::
**નામદાર શ્રી સેશન્સ જજ સાહેબની અદાલતમાં, કચ્છ–ભુજ**
–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::

**ફોજદારી અપીલ નંબર:૧૮૦/૨૦૨૫**

**મિનાક્ષી પ્રફુલ ઢોને,**
ઉ.વ.૪૦, ધંધો:ઘરકામ,
રહે:ઘર નં.૨૫/બી, જલારામનગર,
એરપોર્ટ રોડ, સહારા કુડપાર્કની સામે,
સેવન સ્કાય મલ્ટીપ્લેક્ષ પાસે,
ભુજ–કચ્છ ::::::::::: **અપીલકર્તા/મુળ અરજદાર**

**વિરુદ્ધ**

(૧) **પ્રફુલ નારાયણ ઢોને,**
ઉ.વ.૫૪, ધંધો:નોકરી,
રહે:રુમ નં.૩૫૪/એ,
એ.ઈ.આર. હેડ કવાર્ટર,
રફી માર્ગ, નવી દિલ્હી :::::::::: **સામાવાળા/મુળ સામાવાળા**

(૨) **શ્રી સરકાર**
મારફતે : જીલ્લા સરકારી વકીલ શ્રી,
ભુજ–કચ્છ ::::::::::::::::::::::::: **સામાવાળા**

**બાબત:** ભુજ–કચ્છના ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના

કામે તા:૨૭/૧૦/૨૦૨૫ ના રોજ ફરમાવેલ હુકમ સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૧૩ અન્વયેની અપીલ..

\- - - - - - - - - - - - - - - - - - - - - - - -

**અપીલકર્તા/મુળ અરજદાર તરફે :- વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ**
**સામાવાળા નં.૧ તે**
**મુળ સામાવાળા તરફે :- વિદ્વાન વકીલ શ્રી એસ.આઇ.તુરીયા**
**સામાવાળા નં.૨ તરફે :- વિદ્વાન સરકારી વકીલ શ્રી ડી.જે.ઠક્કર**

\- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

## -:: ચુ કા દો ::-

(૧) આ અપીલના અપીલકર્તા એટલે કે, હુકમ કરનાર વિદ્વાન અદાલત સમક્ષની મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામના મુળ અરજદાર દ્વારા હાલની ફોજદારી અપીલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૧૩ અન્વયે, ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામના અરજદારની કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ મેળવવાના કાયદાની કલમ-૧૨ તળેની અરજી નામંજુર કરતો તા:૨૭/૧૦/૨૦૨૫ ના રોજ જે હુકમ ફરમાવવામાં આવેલો છે તેનાથી નારાજ થઇ દાખલ કરવામાં આવેલી છે.

(૨) સરળતા ખાતર, હાલના કામના અપીલકર્તા કે જેઓ હુકમ કરનાર વિદ્વાન અદાલત સમક્ષની મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામના અરજદાર હતા અને હાલના કામના સામાવાળા નં.૧ કે જેઓ હુકમ કરનાર વિદ્વાન અદાલત સમક્ષની મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામના સામાવાળા હતા, તે જે રીતે એટલે કે, હાલના કામના અપીલકર્તાને અરજદાર તરીકે તથા હાલના કામના સામાવાળા નં.૧ નાઓને સામાવાળા તરીકે સંબોધવામાં આવશે.

**હુકમ કરનાર વિદ્ધાન અદાલત તે ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ સમક્ષની મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ની ટુંકી હકીકત :**

**(૩)** મુળ અરજદાર દ્ધારા ભુજ–કચ્છની ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં તા:૦૧/૦૮/૨૦૨૨ ના રોજ ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૧૨ મુજબની અરજી દાખલ કરી એવી રજુઆત કરવામાં આવેલી કે, અરજદારના લગ્ન સામાવાળા સાથે તા:૨૮/૦૩/૨૦૧૧ ના રોજ હિન્દુ સમાજના રીત રીવાજ મુજબ ગામ:નાર્ખેડ, નાગપુર, મહારાષ્ટ્ર મુકામે થયેલા. અરજદારના પતિ સામાવાળા એરફોર્સમાં નોકરી કરે છે તેમનો માસીક પગાર રુ.૬૦,૦૦૦/– છે. લગ્ન બાદ અરજદાર સામાવાળા સાથે સંયુકત કુટુંબમાં રહેવા ગયેલા. લગ્ન બાદ આઠ માસ સુધી અરજદાર તેમના સાસરાના ગામે રહ્યા ત્યારબાદ સામાવાળાની એરફોર્સમાં નોકરી હોય ટ્રાન્સફર થતાં તેઓ સામાવાળા સાથે ઉધમપુર, જમ્મુ એન્ડ કાશ્મીર રહેવા ગયેલા ત્યાં ચાર વર્ષ ડયુટી હતી અને ત્યાં અરજદાર અને સામાવાળાના લગ્નજીવનથી બે પુત્ર સંતાન થયેલા. ત્યારબાદ ૨૦૧૪ માં સામાવાળાની બદલી ભુજ–કચ્છ મધ્યેના એરફોર્સમાં થતાં અરજદાર સંતાનોને લઇ સામાવાળા સાથે ભુજ રહેવા આવેલા અને ત્યારથી આજદિન સુધી ભુજમાં જ રહે છે.

**(૩.૧)** અરજદાર દ્ધારા તેમની અરજીમાં એવી પણ રજુઆત કરવામાં આવેલી કે, અરજદારના પતિ સામાવાળાની ડિસેમ્બર/૨૦૧૯ માં દિલ્હી એરફોર્સમાં બદલી થયેલ પરંતુ એક યા બીજા કારણોસર ખોટા બહાના આપી આજદિન સુધી સામાવાળા અરજદાર કે તેમના સંતાનોને દિલ્હી લઇ જતા નથી. લગ્ન બાદ થોડો સમય સુધી બરાબર ચાલેલું, પરંતુ ત્યારબાદ અરજદારને ખબર પડેલ કે સામાવાળાને દારુનું વ્યસન છે, સ્વભાવ શંકાશીલ છે, પત્નીને ચેનકેન પ્રકારે દબાણમાં રાખવાનું, ગુલામી કરાવવાની માનસીકતા ધરાવે છે. સામાવાળા અરજદારને આડોશ પાડોશની સ્ત્રીઓ સાથે કે લગ્ન કે અન્ય કોઇ પ્રસંગોએ કોઇ સગા સંબંધમાં સ્ત્રીઓ હોય તો પણ તેમની સાથે વાતચીત કરવાની કે હળવા મળવાની મનાઇ કરતા અને જો

અરજદારને કોઈ સ્ત્રી સાથે વાત કરતાં સામાવાળા જોઈ જાય તો ખુબ ગુસ્સો કરતા, અપશબ્દો કહેતા અને જો નશામાં હોય તો ઢોર માર મારતા હતા. અરજદાર અને તેમના સંતાનોના ભવિષ્યને લઈ અરજદાર સામાવાળાનો તમામ ત્રાસ મુંગે મોઢે સહન કરતા, પરંતુ સામાવાળા દ્વારા આપવામાં આવતા માનસીક અને શારીરિક ત્રાસમાં આટલા વર્ષો છતાં કોઈ ફરક પડેલો નહીં. સામાવાળા તેમના શંકાશીલ સ્વભાવના કારણે અરજદારનો મોબાઈલ લઈ કોલ ડિટેઈલ્સ, મેસેજ વિગેરે ચેક કરતા અને મોબાઈલ છુપાવી ખોઈ નાખ્યાનો કે ચોરી નાખ્યાનો આક્ષેપ કરતા. અરજદાર મોબાઈલ ન આપે તો સામાવાળા ગાળાગાળી કરતા અને માર મારતા હતા. અરજદાર પાસે રહેલ સ્ત્રી ધનના દર દાગીના અને રોકડ રકમ આપવા માટે પણ ખુબ માનસીક શારીરિક ત્રાસ આપતા હતા.

**(૩.૨)** અરજદાર દ્વારા તેમની અરજીમાં એવી પણ રજુઆત કરવામાં આવેલી કે, લગ્નના થોડા સમય બાદ અરજદારને જાણવા મળેલું કે સામાવાળાને અન્ય વિધવા સ્ત્રી સાથે સંબંધ છે તે સ્ત્રીને સામાવાળાએ લગ્નમાં પણ બોલાવેલ હતી, તે સ્ત્રીને સામાવાળા અવારનવાર પૈસા મોકલે છે, તેણી સાથે ફોન પર ખરાબ વાતો કરે છે અને તે સ્ત્રીને મોકલવામાં આવતા પૈસા અંગેની બેન્ક પાસબુકની એન્ટ્રીઓ અંગે અરજદાર સામાવાળાને પુછતા તો સામાવાળા અરજદાર સાથે ઝઘડો કરી મારકુટ કરતા. સામાવાળા દ્વારા આપવામાં આવતા ત્રાસ અંગે અરજદારે એરફોર્સ ડિપાર્ટમેન્ટમાં ફરીયાદ કરેલી તેથી ત્યારબાદ એરફોર્સના કવાર્ટરમાંથી એરફોર્સ બહાર મકાન ભાડે રાખી રહેવું પડેલું.

**(૩.3)** અરજદાર દ્વારા તેમની અરજીમાં એવી પણ રજુઆત કરવામાં આવેલી કે, ૨૦૧૯ થી ૨૦૨૨ સુધીમાં સામાવાળા આઠ થી નવ વાર રજામાં ભુજ આવતા ત્યારે પણ સામાવાળાનો અરજદાર ઉપરનો શારીરિક માનસીક ત્રાસ ચાલુ રહેતો. છેલ્લે એપ્રીલ–૨૦૨૨ માં સામાવાળા આવેલા ત્યારે અરજદારને મારપીટ કરી અરજદારને સંતાનો સહિત પહેરેલ કપડે ઘરથી બહાર કાઢી મુકેલ ત્યારથી અરજદાર અને તેમના સંતાનો અલગ રહે છે. અરજદારના કપડા તથા જીવનજરુરી તમામ સામાન સામાવાળા પાસે છે. સામાવાળાએ

અરજદાર અને તેમના સંતાનોના ભરણપોષણની કોઈ જ દરકાર કરેલી નથી. સામાવાળા મહીને રૂ.૬૦,૦૦૦/– પગાર મેળવે છે તથા અન્ય બચત ઉપર રૂ.૧૦,૦૦૦/– વ્યાજ મેળવી રૂ.૭૦,૦૦૦/– જેટલું કમાય છે. અરજદાર અને તેમના સંતાનોની માસીક જરુરીયાતમાં રૂ.૫૦,૦૦૦/– ખર્ચ થાય તેમ છે. એપ્રીલ/૨૦૨૨ બાદથી સામાવાળાએ એક રુપીયો આપેલ નથી કે અરજદાર અને તેમના સંતાનોનું ભરણપોષણ કરવાની જવાબદારી નિભાવેલી નથી. આ અંગે અરજદારે સામાવાળાના ઉપરી સમક્ષ અનેક વખત રજુઆત અને લેખિત તથા મૌખિક ફરીયાદ કરેલ હોવા છતાં કોઈ મદદ મળેલી નથી.

(૩.૪) આમ, અરજદાર દ્વારા અરજી દાખલ કરી કલમ–૧૮ હેઠળ સામાવાળા વિરુદ્ધ રક્ષણનો હુકમ કરવા, કલમ–૧૯ હેઠળ રહેઠાણની વ્યવસ્થા સામાવાળા કરી આપે વિકલ્પે માસીક ભાડાની રકમ રૂ.૬,૩૦૦/– ચુકવી આપે તેવો હુકમ થવા, કલમ–૨૦ હેઠળ સામાવાળા વિરુદ્ધ નાણાકીય રાહત રૂ.૫૦,૦૦૦/– માસીક ચડયે ચડત મંજુર થવા, કલમ–૨૨ હેઠળ સામાવાળા અરજદારને થયેલ ઈજા, માનસીક તથા શારીરિક યાતના, લાગણી દુભાવવાનું વળતર રૂ.૫,૦૦,૦૦૦/– અરજદારને ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તેમજ કલમ–૨૩ હેઠળ વચગાળાની નાણાકીય રાહત અપાવવા અરજ કરેલ.

**<u>સામાવાળાના જવાબની વિગત :</u>**

(૪) અરજદારની અરજી રજુ થતાં સામાવાળાઓને નોટીસ કરવામાં આવેલી. નોટીસ બજી જતાં સામાવાળા દ્વારા હાજર થઈ પોતાના વકીલ શ્રી મારફતે આંક:૧૭ થી અરજદારની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલો છે તેમાં અરજદારની અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, સામાવાળાને તમામ કપાતો બાદ કરી લગભગ રૂ.૪૩,૦૦૦/– પ્રતિ માસ પગાર પ્રાપ્ત થાય છે. અરજદારે સત્ય હકીકતો છુપાવેલી છે. સ્વચ્છ હાથે આવેલા નથી. સાચી હકીકત એવી છે કે, અરજદાર તા:૦૫/૦૨/૨૦૨૩ થી તા:૨૦/૦૨/૨૦૨૩ સુધી દિલ્હીમાં સામાવાળા સાથે રહેલ છે. ત્યારબાદ અચાનક અરજદાર પોતાના પુરુષ મિત્રો સાથે દિલ્હી છોડી સામાવાળા પર

દબાણ લાવવાના હેતુસર તા:૨૦/૦૨/૨૦૨૩ ના રોજ રોકડ તેમજ ઘરેણા લઈ સામાવાળાને કહ્યા વગર પોતાની મરજીથી ચાલ્યા જઇ ભુજ રહેવા લાગેલા. તેમના બે સંતાનો કેન્દ્રીય વિદ્યાલયમાં અભ્યાસ કરે છે. અરજદારના સંતાનો એર ચિફ માર્શલના તા:૨૩/૧૦/૨૦૨૨ ના હુકમ નં.૩૬/૨૦૨૨ થી પ્રતિ માસ ચાર ચાર હજાર રુપીયા સામાવાળા પાસેથી ભરણપોષણ મેળવી રહેલ છે.

**(૪.૧)** સામાવાળા દ્વારા તેમના જવાબમાં જણાવેલું છે કે, અરજદાર પોતાના પુરુષ મિત્રો સાથે અગાઉ ત્રણ થી ચાર વખત સામાવાળાનું ઘર કહ્યા વિના છોડી ગયા છે તેની ફરીયાદ પણ સામાવાળાએ પોલીસમાં કરેલી હતી. અરજદારે કોઈપણ કારણ વિના સામાવાળાનો ત્યાગ કરેલો છે. સામાવાળાને પુત્રોને મળવા પણ દેતા નથી. સામાવાળાએ કયારેય પણ અરજદારને કોઈપણ પ્રકારનો શારીરિક માનસીક ત્રાસ આપેલો નથી કે મારકુટ કરેલી નથી. અરજદારે સામાવાળા વિરુદ્ધ કોઇ પોલીસ ફરીયાદ કરેલી નથી. સામાવાળાએ અરજદાર અને તેમના બન્ને પુત્રોના ભરણપોષણની જવાબદારી નિભાવેલી છે. સામાવાળાના કહેવાથી અરજદારના માતાએ પણ અરજદારને સમજાવવા છતાં અરજદારના વ્યભિચારી વ્યવહારમાં કોઇ ફેર પડેલો નથી. અરજદાર ખાનગી શાળા, ભુજમાં શિક્ષીકા તરીકે નોકરી કરી અંદાજે માસીક રુ.૪૦,૦૦૦/- પગાર મેળવે છે.સામાવાળા ઉપર તેમના વૃદ્ધ, બિમાર અને વિધવા માતાની જવાબદારી છે.

**(૪.૨)** સામાવાળા દ્વારા તેમના જવાબમાં જણાવેલું છે કે, તા:૨૪/૦૪/૨૦૨૨ ના રોજ અરજદાર સામાવાળાને કહ્યા વગર ઘરમાં રાખેલા તમામ સોના ચાંદીના દાગીના, કિંમતી કપડા અને રોકડ રકમ લઇને ચાલ્યા ગયા તે બાબતે સામવાાળાએ ભુજ શહેર બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ગુમ નોંધ દાખલ કરાવેલી. આ ઉપરાંત, ભુજની અદાલતમાં સર્ચ વોરંટની અરજી પણ કરેલી ત્યારે અરજદારને માતા તથા સંબંધીઓ દ્વારા સમજાવ્યા બાદ મુશ્કેલીથી અરજદાર સામાવાળા પાસે આવેલા. ત્યારબાદ તા:૨૦/૦૨/૨૦૨૩ ના રોજ ફરીથી અરજદાર સામાવાળાને કહ્યા વગર ઘરેથી ચાલી ગયેલા તે બાબતે સામાવાળાએ કેન્ટ દિલ્હી સ્ટેશનમાં ગુમ નોંધ

દાખલ કરાવેલી. પોલીસ દ્વારા તપાસ કરતાં માલુમ પડેલું કે અરજદાર ભુજમાં રહે છે અને ત્યાં અરજદારે પોતાની મરજીથી સામાવાળાનું ઘર મુકી તા:૨૦/૦૨/૨૦૨૩ ના આવેલ છે તેવું નિવેદન આપેલું છે. અરજદાર હોંશીયાર અને ચાલાક સ્ત્રી છે. અગાઉ પણ ઘણી વખત સામાવાળાને કહ્યા વગર ઘર છોડીને ચાલ્યા ગયા છે અને સમજુતિ કરી પરત આવેલા છે. અરજદાર સંતાનોનું ટી.સી. કઢાવવા બાબતે સામાવાળાને આત્મહત્યા કરવાની ધમકી આપે છે. આ તમામ સંજોગો ધ્યાનમાં લેતાં અરજદાર માંગ્યા મુજબની કોઇ દાદ મેળવવા હકકદાર થતા ન હોય અરજદારની અરજી ખર્ચ સહિત રદ્દ ફરમાવવા અરજ કરેલી.

**<u>હુકમ કરનાર વિદ્વાન અદાલતની કાર્યવાહી :</u>**

**(૫)** હુકમ કરનાર વિદ્વાન અદાલત તે ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ સમક્ષ અરજદાર અને સામવાળા દ્વારા મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો. ત્યારબાદ પક્ષકારો દ્વારા રજુ કરેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તથા બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલી મૌખિક રજુઆતો સાંભળી હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા અરજદારની કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ મેળવવાના કાયદાની કલમ-૧૨ તળેની અરજી નામંજુર કરવાનો તા:૨૭/૧૦/૨૦૨૫ ના રોજ જે હુકમ કરવામાં આવેલો છે તેનાથી નારાજ થઇ તે હુકમ રદ્દ ફરમાવી અપીલકર્તા/મુળ અરજદારની અપીલ મંજુર કરી વિદ્વાન અદાલત સમક્ષ કરેલી મુળ અરજીના પેરા - (૧૪) ના (એ) થી (ઇ) તથા (૧) થી (૩) તથા (બ) (ક) માં અરજદારે માંગ્યા મુજબની તમામ દાદ મંજુર કરવા હાલની અપીલ કરેલ છે.

**(૬)** અપીલ કામની નોટીસ આ કામના સામાવાળાઓને બજી જતાં સામાવાળા નં.૧/મુળ સામાવાળા તરફે વિદ્વાન વકીલ શ્રી એસ.આઇ.તુરીયા તથા સામાવાળા નં.૨ તરફે વિદ્વાન સરકારી વકીલ શ્રી ડી.જે.ઠકકર નાઓ હાજર થયેલા છે.

**અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રીની દલીલો :**

(૭) અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલી છે કે,આ કામે અપીલકર્તા/મુળ અરજદાર સામાવાળાના પત્ની છે. અરજદાર દ્વારા ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૧૨ મુજબ હાલની અરજી કરી આ જ કાયદાની કલમ-૧૮, કલમ-૧૯, કલમ-૨૦, કલમ-૨૨ અને કલમ-૨૩ મુજબની દાદ માંગતી અરજી કરેલી છે. જે અરજીના સમર્થનમાં અરજદારે પોતે આંક:૧૮ થી સોગંદ ઉપર પુરાવો પુરો પાડેલો છે અને અરજદાર જે વ્યકિતના મકાનમાં ભાડે રહે છે તેઓને સાહેદ નં.૨ થી તપાસેલા છે અને ભાડાની પહોંચ રજુ કરેલી છે. સામાવાળા પક્ષ દ્વારા અરજદાર તથા તેમના સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી છે તે ઉલટતપાસમાં અરજીથી વિરુદ્ધની કોઇ હકીકત સામાવાળા બહાર લાવી શકેલ નથી કે જે સામાવાળાના બચાવને મદદરુપ નિવડી શકે.

(૭.૧) અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો એ સ્ત્રીઓ અને ભોગ બનનારને સંરક્ષણાત્મક જોગવાઇઓ હેઠળ બેનિફિશીયરી કાયદો છે. કોઇપણ સ્ત્રી પોતાનું જીવન યોગ્ય રીતે જીવી શકે, સામાજીક જરુરીયાતથી વંચિત ન રહે તે માટે લાભકારી હિતાર્થે કાયદો ઘડવામાં આવેલો છે.

(૭.૨) અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના અપીલકર્તા/મુળ અરજદારે પોતાના પુરાવાથી એવી હકીકત સાબિત કરેલી છે કે આ કામના સામાવાળા દ્વારા ઘરેલુ હિંસા આચરવામાં આવેલી છે. સામાવાળાએ પહેરેલ કપડે મુળ અરજદાર/અપીલકર્તાને ઘરની બહાર કાઢી મુકેલા છે અને આથી તેણીને ભાડાના મકાનમાં રહેવું પડયું છે. એટલું જ નહીં, અરજદારની અરજી અને તેને સમર્થન કરતો અહેવાલ પ્રોટેકશન અધિકારી દ્વારા પુરો પાડવામાં આવેલો છે તેમ છતાં આવા પુરાવાનું કોઇ

મુલ્યાંકન અદાલત દ્ધારા કરવામાં આવેલું નથી. મકાન ભાડે આપનારને તપાસેલ હોવા છતાં તેમના પુરાવાનું કોઇ વિશ્લેષણ કરવામાં આવેલું નથી. આંક:૭૬ થી રજુ કરેલો દસ્તાવેજ જોતાં અરજદારના કેસની હકીકતને સમર્થનકર્તા હકીકત છે અને ઘરેલુ હિંસાનો બનાવ બનેલો છે તેમ સાબિત થાય છે. આ કામના સામાવાળા એરફોર્સમાં નોકરી કરતા હોય '' આફવા '' (એરફોર્સ ફેમેલીસ વેલ્ફેર એસોસીએશન) માં અરજી થયેલી હતી અને તેમાં કાઉન્સેલીંગ થયેલું હતું તેને ન માનવા માટે કોઈ કારણ નથી. આ હકીકત રેકર્ડ ઉપર હોવા છતાં અદાલતે આવા પુરાવાને નઝરઅંદાજ કરેલો છે.

**(૭.૩)** અપીલકર્તા/મુળ અરજદારના વિદ્ધાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના અપીલકર્તા/મુળ અરજદાર સામાવાળાના પત્ની છે. બે બાળકોના માતા છે. સામાવાળા તેણીના પતિ વિરુદ્ધ પત્ની શું કામ ફરીયાદ કરે ?

**(૭.૪)** અપીલકર્તા/મુળ અરજદારના વિદ્ધાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, અદાલત દ્ધારા સામાવાળાએ જે પણ કોઈ પુરાવો રજુ કરેલો છે તે પુરાવો જેમનો તેમ માની લીધેલો છે. આ કામના અપીલકર્તા/મુળ અરજદારના માતા તથા ભાઈઓએ પૈતૃક સંપતિમાંથી ભાગ ન આપવો પડે અને આ કામના અપીલકર્તા/મુળ અરજદાર પૈતૃક સંપતિથી વંચિત રહે અને માતા તથા ભાઈઓની તરફેણમાં પોતાની મિલકતમાં હકક જતો કરે તે માટે બેઈઝ ઉભો કરી અરજદારના માતાએ સામાવાળાની તરફેણમાં અને અરજદાર વિરુદ્ધ પુરાવો રજુ કરેલો છે, જે પુરાવો વ્યાજબી કારણ વિના અદાલતે માનેલ છે.

**(૭.૫)** અપીલકર્તા/મુળ અરજદારના વિદ્ધાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના સામાવાળા દારુ પીવાની આદત ધરાવે છે. પોતે નશો કરે છે અને અરજદાર કે જે અબળા સ્ત્રી છે તેની ઉપર શંકા કરી ઘરેલુ હિંસા આચરે છે. વધુમાં એવી દલીલ કરેલી છે કે, એક સ્ત્રીનું નામ કોઈપણ કારણ વિના

ત્રાહિત પુરુષ સાથે જોડી દેવું અને તેવા આક્ષેપો કરવા તે માત્ર ઘરેલુ હિંસા સિવાય બીજું કંઇ ગણી શકાય નહીં.

**(૭.૬)** અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, સને:૨૦૧૧ માં લગ્ન થયા ત્યારથી સને:૨૦૧૯ સુધી કોઇ વિરુદ્ધની હકીકત જણાયેલી નથી પરંતુ આ કામના સામાવાળાને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો હતા અને સામાવાળા તેણીને પૈસા પણ આપતા હતા અને તેના કારણે સામાવાળા અરજદારને શારીરિક માનસીક ત્રાસ આપતા હતા.

**(૭.૭)** અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, જાણીબુજીને ઇરાદાપૂર્વક આ કામના સામાવાળા અરજદારને પોતાની સાથે દિલ્હી લઇ ગયેલા નથી અને એક પુરુષ કે જે સામાવાળાનો મિત્ર છે તેની સાથે અરજદારનું નામ ખોટી રીતે જોડી દીધેલું છે. ત્યારબાદ પક્ષકારો વચ્ચે સમાધાન થતાં નોટરી રુબરુ સને:૨૦૨૨ માં લખાણ થયેલું અને લખાણ કરી સામાવાળા પ્રથમ વખત અરજદારને દિલ્હી લઇ ગયેલા હતા ત્યાં જતાં અપીલકર્તા/મુળ અરજદારને જાણ થયેલી કે, આ કામના સામાવાળાને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધો છે. સામાવાળા તેવી સ્ત્રી સાથે પકડાઇ ગયેલા છે. સામાવાળાએ તેવી સ્ત્રીને પૈસા આપેલા છે. આમ, આ કામના સામાવાળાએ વ્હાઇટ કોલર રીતે ઇરાદાપૂર્વક આ કામના અપીલકર્તા/મુળ અરજદારને દિલ્હી બોલાવી સર સામાન મેળવી લઇ દર દાગીના લઇ લઇ માવતરે જઇ લખાણ કરાવી લીધેલું છે. જીવન જરુરીયાતની બધી જ ચિજવસ્તુઓ સામાવાળાએ લઇ લીધેલી છે તેમ છતાં અદાલતે યંત્રવત રીતે હુકમ કરેલો છે.

**(૭.૮)** અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના સામાવાળાએ મુળ અરજદારને હેરાન કરવા માટે દિલ્હી મુકામે એચ.એમ.એ. નં.૮૧૮/૨૦૨૪ દાખલ કરેલી હતી. એટલું જ નહીં,

પોલીસમાં પણ અવારનવાર સામાવાળાએ મુળ અરજદાર વિરુદ્ધ અરજીઓ કરી છે, જેના કારણે તુટી જઇ અરજદારને ત્રાસ થાય અને અરજદાર કોર્ટ કચેરીમાં અટવાય, તેથી વધારે સામાવાળાએ અરજદારના ચારિત્ર્ય ઉપર આક્ષેપો કરેલા છે, એક પુરુષ કે જે સામાવાળાના મિત્ર છે તેની સાથે અરજદારનું નામ જોડી દીધેલું છે તેનાથી વધુ ત્રાસ બીજો કયો હોઇ શકે ?

(૭.૯) અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ગઇ મુદ્દતે આ કામના સામાવાળા અને અરજદાર કોર્ટમાં આવેલા અને કેસ અંગે સમાધાનકારી વલણ અપનાવવા ચર્ચા કરેલી હતી તેમ છતાં ખરા ખોટા આક્ષેપો કરી સામાવાળાએ અરજદાર વિરુદ્ધ પોલીસમાં અરજી કરેલી છે, જે કામમાં પોલીસે અરજદારને જવાબ લખાવવા નોટીસ કરેલી છે.

(૭.૧૦) અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના સામાવાળા એરફોર્સમાં નોકરી કરતા હોય તેમની કંપનીમાંથી કાર્ડ મળે છે અને ડિપેન્ડન્ટ કાર્ડ પણ હોય છે તેમ છતાં કોઇ આ કામના સામાવાળાએ કંપનીનું કાર્ડ અને ડિપેન્ડન્ટ કાર્ડ બંધ કરાવી દીધેલું છે. આમ, આ કામના સામાવાળા ચેનકેન પ્રકારે આ કામના મુળ અરજદાર/અપીલકર્તા ઉપર શારીરિક માનસીક ત્રાસ આપી ઘરેલુ હિંસા આચરતા આવેલા છે. અરજદાર તરફેના પુરાવાની કોઇ યોગ્ય ચર્ચા અદાલત દ્વારા કરવામાં આવેલી નથી. માત્ર સામાવાળાના પુરાવાને ધ્યાને લઇ અરજદારની અરજી રદ્દ કરેલી છે અને આથી હાલના અપીલકર્તા/મુળ અરજદારની હાલની અપીલ મંજુર કરી વિદ્વાન અદાલત દ્વારા પસાર કરવામાં આવેલો હુકમ રદ્દ ફરમાવી મુળ અરજદારની અરજી મંજુર કરી અરજીમાં માંગ્યા મુજબની તમામ દાદ અરજદારને અપાવવા વિનંતી કરેલી છે.

**<u>સામાવાળા નં.૧/મુળ સામાવાળાના વિદ્વાન વકીલ શ્રીની દલીલો :</u>**

(૮) આ કામના સામાવાળા નં.૧ અને અપીલકર્તા/મુળ અરજદારના પતિ તરફે હાજર થયેલા વિદ્વાન વકીલ શ્રી એસ.આઇ.તુરીયા

નાઓ દ્વારા આંક:૧૩ થી વિસ્તૃત દલીલો રજુ કરવામાં આવેલી છે. સામાવાળા તરફે હાજર વિદ્વાન વકીલ શ્રી એસ.આઇ.તુરીયા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, અદાલત દ્વારા જે હુકમ કરવામાં આવેલો છે તે હુકમ રેકર્ડ ઉપરના ઉપલબ્ધ પુરાવાના આધારે કાયદાકીય રીતે ચર્ચા કરી અદાલત દ્વારા કરવામાં આવેલો છે તેમાં કોઇપણ રીતે હસ્તક્ષેપ કરવાની જરુર નથી.

(૮.૧) સામાવાળા નં.૧/મુળ સામાવાળાના વિદ્વાન વકીલ શ્રી એસ.આઇ.તુરીયા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરેલી છે કે, આ કામના અરજદારે પોતાની તરફેણમાં મકાનનું ભાડું ચુકવે છે તેમ જણાવી પોતાના સાહેદ તરીકે હાસમ મામદહુસેન જત નાઓને આંક:૨૯ થી તપાસેલા છે. આ હાસમ મામદહુસેન જત ન તો મકાનના માલીક છે કે ન તો મકાન માલીકના પાવરદાર છે. જે ભાડા કરાર રજુ કરેલો છે તે ભાડા કરાર ઉભો કરેલ હોવાનું સ્પષ્ટ થાય છે. માત્ર અરજદારની તરફેણમાં અરજદારને મદદ કરવા સોગંદ ઉપર ખોટો પુરાવો રજુ કરેલો છે. એટલું જ નહીં, ભાડાની ખોટી પહોંચો ઉભી કરી અદાલતમાં રજુ કરેલી છે.

(૮.૨) સામાવાળા નં.૧/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.આઇ.તુરીયા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના સામાવાળા અરજદારને પોતાની સાથે દિલ્હી મુકામે લઇ ગયેલા હતા પરંતુ અરજદાર પોતાની જાતે સ્વેચ્છાએ અને જાણીબુઝી દિલ્હી એટલે કે, સામાવાળાના ઘરનો ત્યાગ કરી અહીં રહેવા આવી ગયેલા છે. આ કામના અપીલકર્તા/મુળ અરજદાર દિલ્હીથી ગુમ થયા હોય ગુમ નોંધ લખાવેલી હતી તેમાં અરજદારનું નિવેદન લેવામાં આવેલું છે તેની વિગતો જોતાં અરજદાર દ્વારા જે અરજીમાં આક્ષેપો કરવામાં આવેલા છે અને સોગંદ ઉપર પુરાવો રજુ કરવામાં આવેલો છે તેનાથી વિપરીત અને સામાવાળાના બચાવને સમર્થન કરતી વિગતો ફલીત થાય છે.

(૮.૩) સામાવાળા નં.૧/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.આઇ.તુરીયા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે,

આ કામના અરજદારને કોઇ માનસીક શારીરિક ત્રાસ સામાવાળાએ આપેલો નથી. મુળ અરજદાર/અપીલકર્તાના વિદ્વાન વકીલ શ્રી દ્વારા પૈતૃક સંપતિની દલીલ કરી ખોટો બચાવ ઉભો કરવામાં આવેલો છે. કારણ કે, આજની તારીખે પણ અપીલકર્તા/મુળ અરજદારની પૈતૃક સંપતિ જે મહારાષ્ટ્ર મુકામે આવેલી છે તેમાં અપીલકર્તા/મુળ અરજદાર, તેણીના ભાઇઓ તથા તેણીના માતાનું નામ ચાલી આવેલું છે ત્યારે જ અપીલકર્તા/અરજદારના માતા દ્વારા સામાવાળાની તરફેણમાં અરજદાર વિરુદ્ધ કે જે તેણીની દિકરી છે તેની વિરુદ્ધ પુરાવો રજુ કરેલો છે.

(૮.૪) સામાવાળા નં.૧/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.આઇ.તુરીયા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, એરફોર્સમાં '' આફવા '' નામની સંસ્થા આવેલી છે તેમાં અરજદારે અરજી કરેલી હતી તે અરજીમાં યોગ્ય તપાસ થયા બાદ બન્ને બાળકોને રુ.૪,૦૦૦/– રુ.૪,૦૦૦/– માસીક ચુકવી આપવા જણાવવામાં આવેલું છે અને તે મુજબ અરજદારના બેન્ક ખાતામાં આજની તારીખે પણ બન્ને બાળકોના રુ.૪,૦૦૦/– રુ.૪,૦૦૦/– સીધા જમા થતા આવેલા છે.

(૮.૫) સામાવાળા નં.૧/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.આઇ.તુરીયા નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, મુળ અરજદાર/અપીલકર્તા પોતે નોકરી કરી આવક મેળવે છે. અરજદારે ચોકકસ બાબતો છુપાવેલી છે અને આથી અદાલતે જે હુકમ કરેલો છે તે યોગ્ય અને વ્યાજબી છે તેમાં કોઇ ફેરફાર કરવાને અવકાશ નથી. વધુમાં એવી પણ દલીલ કરેલી છે કે, આંક:૧૩ થી જે લેખિત દલીલો રજુ કરેલી છે તે દલીલને ધ્યાનમાં રાખી વિદ્વાન અદાલતે કરેલ હુકમ કાયમ કરી અપીલકર્તા/મુળ અરજદારની હાલની અપીલ ખર્ચ સહિત નામંજુર કરવા હુકમ કરવા વિનંતી કરેલી છે.

(૯) વિદ્વાન અદાલત તે ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ સમક્ષની ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામનો તા:૨૭/૧૦/૨૦૨૫ ના રોજનો હુકમ વંચાણે લીધો. આ પ્રકરણમાં

પક્ષકારોના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો તથા કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં હાલની અપીલના નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

**મુદ્દા નં.(૧)** શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, વિદ્વાન ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામે તા:૨૭/૧૦/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ ખોટો, ગેરકાયદેસરનો, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો વિરૂદ્ધનો અને ભુલ ભરેલો છે ? અને તે હુકમમાં આ અપીલ અદાલતે હસ્તક્ષેપ કરવાને પાત્ર છે ?

**મુદ્દા નં.(૨)** શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે :-

**મુદ્દા નં.(૧) નકારમાં**

**મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ**

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના મારા કારણોની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ છે :-

## <u>*-:: નિર્ણય માટેના કારણો ::-*</u>

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :</u>**

**(૧૨)** હાલની અપીલનું રેકર્ડ તથા મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ નું રેકર્ડ ધ્યાને લેવામાં આવેલા છે. મુળ ફોજદારી પરચુરણ અરજીના પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવેલો છે. હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા તા:૨૭/૧૦/૨૦૨૫ ના રોજ પસાર કરવામાં આવેલા ચુકાદાની વિગત ધ્યાને લેવામાં આવેલ છે.

**(૧૩)** હુકમ કરનાર વિદ્ધાન અદાલત સમક્ષ અરજદાર પક્ષે રજુ કરેલા પુરાવાઓથી અરજદાર પક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ છે કે કેમ ? તથા વિદ્ધાન અદાલત દ્ધારા અરજી કામના પક્ષકારોએ રજુ કરેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં કાયદાના સિદ્ધાંતોની અવગણના કરેલ છે કે કેમ ? તે બાબત સંબંધમાં અરજદાર તથા સામાવાળા દ્ધારા રજુ કરવામાં આવેલા પુરાવા ઉપર આધાર રાખવો જરુરી છે અને આથી હવે જો વિદ્ધાન અદાલત સમક્ષ પક્ષકારોએ રજુ કરેલા પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, મુળ અરજદાર દ્ધારા તેમના આંક:૧૮ ના પુરાવાના સોગંદનામાની સરતપાસમાં તેમની અરજી મુજબની હકીકતો જણાવેલી છે.

**(૧૩.૧)** અરજદારની સામાવાળા પક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલી છે તેમાં અરજદાર દ્ધારા એ હકીકતોનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ બી.એડ. થયેલા છે. તેમના લગ્ન સંમતિથી રાજીખુશીથી રીત રીવાજ મુજબ થયેલા. લગ્ન બાદ તેઓ તેમની સાસરી ગામ:સોનોલી, તા:કાટોલ, જી:નાગપુર મુકામે રહેતા. ત્યારબાદ તેમના પતિની જમ્મુ કાશ્મીરમાં ઉધમપુર મુકામે બદલી થતાં તેઓ ત્યાં ચાર વર્ષ માટે રહેવા ગયેલા ત્યાં સારી રીતે રહેતા હતા. તેઓએ ઉધમપુરમાં તેમના પતિ સામે કોઇ ફરીયાદ કરેલી નથી. એરફોર્સ વાઇવ્સ વેલ્ફેર એસોસીએશનમાંથી તેમના બન્ને બાળકોનું ભરણપોષણ બંધાયેલું. તેમની ફરીયાદના આધારે એર ચિફ માર્શલે હુકમ કરેલો તે હુકમમાં એવો ઉલ્લેખ કરેલ છે કે સામવાળા પર કરેલા આક્ષેપો ખોટા છે, સામાવાળા શાંત સ્વભાવના, નિયમીત અને મહેનતુ છે. આ હુકમમાં નાગપુરનો પ્લોટ તેમના નામે હોવાનો ઉલ્લેખ છે. આ પ્લોટની તમામ રકમ તેમના પતિએ આપેલી હતી. આ પ્લોટ આજની તારીખે પણ તેમના નામે છે.

**(૧૩.૨)** અરજદાર દ્ધારા સામાવાળા પક્ષે કરેલ વધુ ઉલટતપાસમાં એ હકીકતોનો પણ સ્પષ્ટ સ્વીકાર કરેલો છે કે, તેઓ સામાવાળાથી ત્રણ વર્ષથી અલગ રહે છે. તેઓ સામવાળા સાથે રહેવા માંગતા નથી. જો સામાવાળા તેમને સન્માનની સાથે તેમની શરતો મુજબ લઈ જાય તો પણ તેઓ જવા તૈયાર નથી. કેસ દાખલ થયા બાદ સામાવાળા આજદિન સુધી તેમના ઘરે

આવેલા નથી. કેસની મુદ્દત પુરી થયા બાદ તેઓ તથા સામાવાળા પોત પોતાના ઘરે જતા રહે છે. સામાવાળાએ તેમને માર મારેલો હોય અને તેઓએ સારવાર કરાવેલી હોય તે બાબતનું કોઇ સર્ટીફિકેટ તેઓએ અદાલતમાં રજુ કરેલું નથી. સામાવાળા વિરુદ્ધ દારુનો કોઇ કેસ થયેલો નથી. સામાવાળા તા:૧૫/૦૪/૨૦૨૨ ના રોજ તેમના ઘરે આવેલા. સામાવાળાએ તેમને અગાઉ મારેલ હોય તેની કોઇ ફરીયાદ કરેલી નથી. તેઓ તેમના પતિ સાથે જવા માંગતા નથી અને છુટાછેડા પણ આપવા માંગતા નથી. જે પ્લોટ તેમના પતિએ તેમના નામ પર લીધેલો તે પ્લોટ તેઓ તેમના પતિના નામે કરવા તૈયાર નથી.

**(૧૩.૩)** અરજદાર દ્વારા સામાવાળા પક્ષે કરેલ વધુ ઉલટતપાસમાં એ હકીકતોનો પણ સ્પષ્ટ સ્વીકાર કરેલો છે કે, તેમને જબરદસ્તીથી નાગપુર લઇ ગયા હોવાની કોઇ ફરીયાદ તેઓએ કરેલી નથી. નાગપુરમાં તેમના પતિએ તેમના માતાના ઘરે બધાને બોલાવેલા હતા અને સમાધાન માટે તેમની ઉપર દબાણ કરેલ અને જબરદસ્તી તેમના છોકરાઓને તેમનાથી દુર રાખેલા તે બાબતની તેઓએ કોઇ ફરીયાદ કરેલી નથી. તેઓ દિલ્હીથી ભુજ તેમની મરજીથી બાળકો સાથે આવી ગયેલા. આ બાબતની જાણ તેમના પતિને કરેલી ન હતી તેથી તેઓએ ગુમ નોંધ લખાવેલી તે ગુમ નોંધ અન્વયે દિલ્હી પોલીસ ભુજ આવેલી. તેઓએ આ કામે ભાડા કરાર રજુ કરેલો નથી. ભુજમાં તેમના કોઇ સગા વ્હાલા નથી. ભુજમાં તેઓ તેમની મરજીથી તેમના બાળકો સાથે એકલા રહે છે.

**(૧૪)** અરજદાર પક્ષે સાહેદ-હાસમ મામદહુસેન જત નાઓનું પુરાવાનું સોગંદનામું આંક:૨૯ થી રજુ થયું છે તેમાં સાહેદે જણાવેલું છે કે, અરજદાર તેમના બન્ને બાળકો સાથે તેમના ૧, ગીતા કોટેજીસ, મહિલા આશ્રમ પાછળ, એરફોર્સ રોડ, ભુજ વાળા મકાનમાં ભાડે રહે છે. અરજદાર ઓકટોબર/૨૦૨૨ થી તેમના મકાનમાં ભાડે રહેવા આવેલા. તેમની પુત્રી સાથેની ઓળખાણ હતી તે રીતે અને તેમનું મકાન ખાલી હોય અને ભાડે આપવાનું હોય તે રીતે અરજદાર અને તેઓ વચ્ચે મકાન માલીક અને ભાડુતના સંબંધો થયેલા. અરજદાર જયારે ભાડું ચુકવે ત્યારે તેઓ ભાડાની

રસીદો આપે છે. તેઓ અરજદાર પાસેથી રુપીયા ત્રણ હજાર માસીક ભાડું લે છે. ૨૧ જાન્યુઆરી ૨૦૨૩ માં સામાવાળા તેમના મકાને આવેલા અને ઘરમાં જે સામાન હતો તે ટેમ્પોમાં ભરીને લઇ જવા આવેલા. મકાનનું ભાડું તેમને ન મળતાં તેઓએ આ દિવસે સામાવાળાને તેમના મકાને મળવા જઇ ભાડા અંગે પુછતાં સામાવાળા તેમની પત્નીને ફોન કરે છે તેમ જણાવી ફોન પર વાત કરી કોઇક સ્ત્રી સાથે તેમની વાત કરાવી ભાડું કેટલું આપવાનું છે તે બાબતે ચર્ચા કરી તેમનું બાકી નીકળતું ભાડું તથા લાઇટ બીલના પૈસા સામાવાળાએ આપી ઘરનો સામાન ભરી ટમ્પો નં.જી.જે. ૦૮ એ.યુ. ૦૨૦૮ માં લઇ ગયેલા.

**(૧૪.૧)** અરજદાર તરફેના સાહેદની સામાવાળા પક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલી છે તેમાં સાહેદ દ્વારા એ હકીકતોનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેઓ ભુજ એરફોર્સમાં ૨૨ વર્ષની નોકરી કરે છે. તેઓ નિલેશ બોરસેને ઓળખે છે તે એરફોર્સમાં સ્ટોરકિપર તરીકે નોકરી કરે છે. એ વાતની તેમને ખબર નથી કે, નિલેશ બોરસે અને અરજદાર વચ્ચે સારા સંબંધ છે કે કેમ ? અને તે સંબંધના લીધે સામાવાળા અને અરજદાર વચ્ચે સંબંધમાં અનબન થયેલી છે કે કેમ ? તેઓએ ચુકતે પેમેન્ટ અંગેની પહોંચની નોટરાઇઝડ કોપી રજુ કરેલી છે તે માલીકીનો દસ્તાવેજ નથી.

**(૧૪.૨)** અરજદાર તરફેના સાહેદ દ્વારા સામાવાળા પક્ષે કરેલ વધુ ઉલટતપાસમાં એ હકીકતોનો પણ સ્પષ્ટ સ્વીકાર કરેલો છે કે, ટેન્ટેટીવ આંક:૪૫ વાળા ભાડા કરારમાં મકાન માલીક તે ભાડે આપનારમાં ભાવેશ શંભુલાલ વાળંદનું નામ લખેલું છે અને અરજદાર તથા તેમની સહી પણ કરેલી છે. ટેન્ટેટીવ આંક:૪૫ વાળા ભાડા કરારમાં તેમની રુબરુ ભાડે રાખનાર અરજદાર અને ભાડે આપનાર ભાવેશભાઇ એ બન્નેએ તેમની રુબરુમાં સહી કરેલી છે. આ ભાડા કરારમાં સાક્ષી તરીકે તેમની સહી નથી કે નોટરાઇઝ નથી કે પક્ષકારોના ફોટા પણ નથી. આ ભાડા કરાર અંગે પુરાવાના સોગંદનામામાં એવો કોઇ ઉલ્લેખ નથી કે અરજદાર ભાડું તેમને આપશે. ભાવેશભાઇએ તેમને કોઇ પાવરનામું આપેલું નથી.

**(૧૪.૩)** અરજદાર તરફેના સાહેદ દ્વારા સામાવાળા પક્ષે કરેલ વધુ ઉલટતપાસમાં એ હકીકતોનો પણ સ્પષ્ટ સ્વીકાર કરેલો છે કે, સામાવાળાએ

તેમની હાજરીમાં અને રુબરુમાં કયારેય અરજદાર સાથે ઘરેલુ હિંસાનું કોઇ વર્તન કરેલું હોય તે તેઓએ કયારેય જોયેલું નથી કે સાંભળેલું નથી. અરજદાર તેમની દિકરી સાથે અગાઉ હોપ ફાઉન્ડેશનમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. લાઇટ બીલ તેમના નામે નથી.

**(૧૫)** હુકમ કરનાર વિદ્વાન અદાલત સમક્ષ સામાવાળાઓ દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાને ધ્યાનમાં લેવામાં આવે તો સામાવાળા દ્વારા તેમના આંક:૪૭ ના પુરાવાના સોગંદનામાની સરતપાસમાં મુખ્યત્વે તેમના આંક:૧૭ વાળા જવાબ મુજબની હકીકતોનું પુનરાવર્તન કરેલું હોય અરજદાર પક્ષ દ્વારા તમામ સામાવાળાઓની જે વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલી છે તેને ધ્યાનમાં લેવી જરુરી છે.

**(૧૫.૧)** સામાવાળા દ્વારા અરજદાર પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં એ હકીકતોનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવેલો છે કે, તેમના પત્નીએ આફવામાં ફરીયાદ કરેલી હતી તે વખતે તેઓ કવાર્ટરમાં રહેતા હતા. ફરીયાદ થયાના દોઢ મહીના બાદ કવાર્ટર ખાલી કરી બહાર રહેવા ગયેલા. તેમની માસીક આવક કુલ્લ રુ.૭૫,૦૦૦/- છે તેમાંથી કપાત થઇને રુ.૪૪,૦૦૦/- આવે છે. અરજદાર સિવાય તેમના પર તેમના બે બાળકો તથા તેમના માતાની તથા ઘરની લોનના હપ્તાની પણ જવાબદારી છે. એ.ટી.એમ. કાર્ડ તેમના પત્ની પાસે હતું અને પૈસાની જરુર હોય ત્યારે તેમના પત્ની ઉપાડતા હતા. કેન્ટીન કાર્ડ એકસપાયર થઇ ગયેલ હોવાથી બંધ હતું. જયારથી તેમના પત્ની તેમનું ઘર છોડી તા:૨૧/૦૪/૨૦૨૨ થી બીજે રહેવા ચાલ્યા ગયા ત્યારથી તેઓ ભાડું ચુકવતા નથી. તેમના પત્ની માસીક રુ.૪૦,૦૦૦/- કમાય છે તે બાબતનો કોઇ આધાર રજુ કરેલો નથી. સને:૨૦૧૮ માં નોમીના પતિ બિમાર હતા ત્યારે તેણીના પતિ માટે રુ.૨,૦૦૦/- મોકલ્યા પછી કોઇ રકમનું ટ્રાન્ઝેકશન થયેલું નથી. તેમના પત્ની રુ.૩૦૦૦/- ભાડું ચુકવી ભાડાના મકાનમાં રહે છે. તેમના પત્ની બીજા પુરુષ સાથે રહે છે તે બાબતે તેઓએ કોઇ આધાર પુરાવો રજુ કરેલો નથી. તેઓ જયારે પણ તારીખમાં આવે છે ત્યારે તે બે થી ત્રણ માણસો લઇને આવે છે. આ સિવાય અરજદાર પક્ષ દ્વારા સામાવાળા વિરુદ્ધ જે વિવિધ

આક્ષેપો કરેલા છે તે તમામ આક્ષેપોનો સામાવાળાએ સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે.

**(૧૬)** સામાવાળા તરફે સાહેદ–તારાબાઈ લીલાધર માનેરો કે જેઓ અરજદારના માતા થાય છે તેઓ દ્વારા તેમના આંક:૫૩ ના સોગંદનામાની સરતપાસમાં જણાવેલું છે કે, લગ્ન બાદ અરજદાર તેમજ સામાવાળા બન્ને સાથે સોનાલી ગામ, તા:કાટોલ, જી:નાગપુર, મહારાષ્ટ્ર મુકામે રહેતા હતા. ત્યારબાદ સામાવાળાની નોકરી જમ્મુ કાશ્મીરમાં હોય ત્યાં બન્ને સાથે રહેવા ગયેલ હતા. સામાવાળાએ અરજદારને કયારે પણ મારકુટ કે માનસીક ત્રાસ આપેલો નથી. બાદ સામાવાળાની નોકરી એરફોર્સ, ભુજમાં હોવાથી અરજદાર અને સામાવાળા ૨૦૧૪ માં તેમના બન્ને સંતાનોને લઈ ભુજ રહેવા આવેલા. બાદ સામાવાળાની દિલ્હી મુકામે ટ્રાન્સફર થયેલ હોવાથી સામાવાળા દિલ્હી નોકરી કરવા ગયેલ હતા. સામાવાળાએ અરજદારને દિલ્હી આવવા કહેતા, પરંતુ અરજદાર દિલ્હી જવાની ના પાડતા. સામાવાળા અરજદારના ખાતામાં તેમના કહેવા મુજબ રકમ ટ્રાન્સફર કરતા હતા.

**(૧૬.૧)** સામાવાળા તરફેના સાહેદે વધુમાં જણાવેલું છે કે, તેમની અરજદારથી ફોન પર વાતચીત ચાલુમાં હતી તે સમયે તેમને અરજદારે કહેલું કે, નિલેશ નામની વ્યકિત છે તે ઘરની વસ્તુ લેવા માટે મદદ કરે છે, તેમના લગ્ન માટે કોઈ છોકરી હોય તો કહેજો. બાદ નિલેશનો તેમના પર ફોન આવેલો અને સામાવાળા વિરૂદ્ધ જેમ તેમ બોલવા લાગેલ અને સામાવાળા વિરુદ્ધ ખોટી ચડામણી કરવા લાગેલ, પરંતુ તેઓ તેમના જમાઈ વિશે જાણતા હોય તથા સામાવાળા અને અરજદાર સાથે સંપર્કમાં હોવાથી તેઓએ નિલેશને કહેલું કે, '' તું અમારા દિકરી અને જમાઈ ના વચ્ચે શું કામ આવે છે, તને શું તકલીફ છે ? તેથી નિલેશ તેમની સાથે પણ જેમ તેમ બોલવા લાગેલો. બાદ નિલેશના કહેવાથી અરજદારે સામાવાળા વિરૂદ્ધ ખોટા આક્ષેપોવાળી અરજીઓ કરેલી. સામાવાળા, તેઓએ તથા તેમના દિકરા એટલે કે, અરજદારના ભાઈએ ઘરસંસાર વસાવવા માટે અરજદારને સમજાવેલા. અરજદાર પોતાની મરજીથી તેમના બાળકો સાથે તેઓ અને તેમના પુત્ર સાથે ભુજ થી નારખેડ મહારાષ્ટ્ર તેમના ઘરે લઈ ગયેલા ત્યાં સામાવાળા તથા તેમના સગાસંબંધી

સાથે હાજર રહેલા ત્યાં સામાધાનનું નોટરી રુબરુ લખાણ થયેલું તેમાં અરજદારે પોતે જાતે કોઈ જાતના દબાણ વગર સહી કરેલી હતી.

**(૧૬.૨)** સામાવાળા તરફેના સાહેદે વધુમાં જણાવેલું છે કે, બાદ અરજદાર લગ્ન સંસાર વસાવવા દિલ્હી મુકામે ગયેલ તે દરમ્યાન બાળકોનું એડમીશન ત્યાં કરાવેલું અને અરજદાર બાળકો સાથે સામાવાળા સાથે રહેતા હતા. દર દાગીના પણ લઈ આપેલા. તેમને હરવા ફરવા પણ લઈ જતા હતા. બાદ અરજદાર તેમને તથા સામાવાળાને કહ્યા વગર તા:૨૦/૦૨/૨૦૨૩ ના રોજ બાળકોને લઈ ભુજ આવી ગયેલ તેથી સામાવાળાએ તેમને જાણ કરી ગુમ નોંધ દિલ્હી પોલીસ સ્ટેશનમાં કરાવેલી તે ગુમ નોંધના આધારે દિલ્હી પોલીસે ભુજ પોલીસ સાથે મળીને અરજદારને શોધી આપેલ ત્યારે પોલીસ સમક્ષના નિવેદનમાં પણ અરજદારે પોતે પોતાની ઈચ્છાથી ઘર મુકયાનું નિવેદન આપેલું. અરજદાર કોઈ વ્યાજબી કારણ વગર સામાવાળાથી અલગ રહે છે. અરજદાર પોતે કમાવવા સક્ષમ છે. અગાઉ અરજદાર આસ્થા સ્કુલ, ભુજમાં નોકરી કરતા હતા. હાલ પણ હોપ સ્કુલમાં નોકરી કરીને કમાય છે. બન્ને સંતાનોને દરેક માસે કુલ્લ આઠ હજાર રુપીયા સામાવાળા ચુકવે છે.

**(૧૬.૩)** સામાવાળા તરફેના સાહેદે વધુમાં જણાવેલું છે કે, તા:૧૩/૦૪/૨૦૩ ના રોજ તેઓ તેમના પુત્ર મહેશ સાથે અરજદારને ઘર વસાવવા માટે સમજાવવા અરજદારના ઘરે ભુજ આવેલા ત્યારે નિલેશ હતો તે તેમની સાથે ગાળાગાળી કરી તેમના પુત્ર પર હુમલો કરવા લાગેલ. તેમની પુત્રી અરજદાર તેમને મારવા માટે આવેલ, તેમને પકડી લીધેલ અને તે વ્યકિત તેમના પુત્રને માર મારી ધકકો મારી ભાગી ગયેલ. ત્યારબાદ તેઓએ અરજદારને સમજાવવા છતાં પણ તેમની જાણ બહાર તેનાથી સંબંધ ચાલુ રાખેલ અને સામાવાળા વિરૂદ્ધ ખોટા કેસો કરેલા અને તેમની વિરૂદ્ધ પણ ખોટી અરજીઓ કરેલી. સામાવાળાનો કોઇ વાંક નથી. સામાવાળાને કોઈ ખોટી આદતો નથી. સામાવાળા પર અરજદારે કરેલ આક્ષેપો તમામ ખોટા છે. હાલ પણ અરજદાર નિલેશ બોડસે નામના વ્યકિત સાથે પોતાની મરજીથી રહે છે તેમ છતાં સામાવાળા આજે પણ અરજદાર સાથે રહેવા તૈયાર છે. અરજદાર જે શરતો કે તે શરતો માનવા તૈયાર છે.

**(૧૬.૪)** સામાવાળા તરફેના ઉપરોકત સાહેદની અરજદાર પક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં પણ આ સાહેદ તેમના સોગંદનામાની સરતપાસની હકીકતોને સ્પષ્ટપણે વળગી રહેલા છે અને આ સાહેદ દ્વારા સરતપાસમાં જણાવેલી હકીકતોનું ખંડન કરવામાં અરજદાર પક્ષ નિષ્ફળ રહેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

**(૧૭)** આ તબકકે એ નોંધવું જરુરી છે કે, અરજદાર દ્વારા તેમની અરજીમાં તથા પુરાવાના સોગંદનામામાં સામાવાળા વિરુદ્ધ ઘરેલુ હિંસા આચરેલ હોવા બાબતના આક્ષેપો કરેલા છે. માત્ર આક્ષેપો કરવાથી અરજીની હકીકતો સાબિત થઈ જતી નથી. અરજદાર દ્વારા સામાવાળા ઉપર જે આક્ષેપો કરેલા છે તે આક્ષેપોને વિશ્વસનીય અને સંતોષકારક પુરાવાથી સાબિત કરવા પડે અને આથી અરજીની હકીકતો સાબિત કરવાનો પ્રારંભિક બોજો હંમેશા અરજદારના શીરે રહેલ છે.

**(૧૮)** આ બાબતને નજર સમક્ષ રાખી વિદ્વાન અદાલત સમક્ષ પક્ષકારો દ્વારા રજુ કરેલા પુરાવા દરમ્યાન રેકર્ડ ઉપર આવેલી નિર્વિવાદિત બાબતોને ધ્યાનમાં લેવામાં આવે તો, સામાવાળા અરજદારના પતિ થાય છે. અરજદારના લગ્ન સામાવાળા સાથે તા:૨૮/૧૧/૨૦૧૧ ના રોજ હિન્દુ સમાજના રીત રીવાજ મુજબ થયેલા. સામાવાળા એરફોર્સમાં નોકરી કરે છે. લગ્ન બાદ અરજદાર સામાવાળા સાથે સંયુકત કુટુંબમાં રહેવા ગયેલા. સામાવાળાની એરફોર્સમાં નોકરી હોય બદલી થતાં સામાવાળા સાથે ઉધમપુર, જમ્મુ એન્ડ કાશ્મીર રહેવા ગયેલા ત્યાં ચાર વર્ષ રહેલા ત્યાં અરજદાર અને સામાવાળાના લગ્નજીવનથી બે પુત્ર સંતાન થયેલા. ત્યારબાદ ૨૦૧૪ માં સામાવાળાની બદલી ભુજ-કચ્છ મધ્યેના એરફોર્સમાં થતાં અરજદાર સંતાનોને લઈ સામાવાળા સાથે ભુજ રહેવા આવેલા. સામાવાળાની ડિસેમ્બર/૨૦૧૯ માં દિલ્હી બદલી થયેલી. અરજદાર તા:૦૫/૦૨/૨૦૨૩ થી તા:૨૦/૦૨/૨૦૨૩ સુધી દિલ્હીમાં સામાવાળા સાથે રહેલા છે. આ હકીકતો બિનતકરારી રહેલી છે.

**(૧૯)** અરજદાર પક્ષ દ્વારા તેમની અરજીમાં તથા સોગંદ ઉપરની

જુબાનીમાં સામાવાળા વિરુદ્ધ આક્ષેપો કરેલા છે તથા સામાવાળા પક્ષ દ્વારા અરજદાર વિરુદ્ધ પ્રતિ આક્ષેપો કરેલા છે. અરજદારે સામાવાળાને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાના માત્ર મૌખિક કથનો કરેલા છે, પરંતુ તે બાબતનો અન્ય કોઇ પુરાવો રજુ કરેલો નથી. આ આક્ષેપના ખંડનમાં સામાવાળા દ્વારા તે સ્ત્રીના પતિ બિમાર હતા અને હોસ્પિટલમાં હતા તેથી રુ.૨,૦૦૦/– ટ્રાન્સફર કરેલા તે સિવાય કયારેય કોઇ ટ્રાન્ઝેકશન થયેલા નથી તેવો સ્પષ્ટ પુરાવો પુરો પાડેલો છે. સામાવાળા દ્વારા તેમની પત્ની અરજદારને નિલેશ બોરસે સાથે સંબંધ હોવા સંબંધી આક્ષેપો કરેલા છે તેવા આક્ષેપોનો અરજદારે ઈન્કાર કરેલો છે. આમ, અરજદાર પક્ષ તથા સામાવાળા પક્ષે એકબીજા ઉપર આક્ષેપો કરેલા છે. આ સંજોગોમાં અન્ય સાહેદોનો પુરાવો અગત્યનો અને મહત્વનો બની જાય છે.

**(૨૦)** અરજદાર દ્વારા સામાવાળાના અન્ય સ્ત્રી સાથેના સંબંધ બાબતે કરેલા આક્ષેપોનો તથા અરજદાર દ્વારા સામાવાળા વિરુદ્ધ કરેલા અન્ય આક્ષેપોનો સામાવાળા તરફેના સાહેદ–તારાબાઇ લીલાધર માનેરાવ કે જેઓ અરજદારના માતા થાય છે તેમના દ્વારા સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવેલો છે. અરજદારના માતા દ્વારા એવો સ્પષ્ટ પુરાવો પુરો પાડેલો છે કે, અરજદારે સામાવાળાને દિલ્હી જવાની ના પાડેલી. અરજદારે તેમને નિલેશ નામના વ્યકિત બાબતે વાત કરેલી હતી. નિલેશનો પણ તેમની પર ફોન આવેલો હતો. સામાવાળા વિરુદ્ધ ચડામણી કરતો તેમ ન કરવા બાબતે તેઓએ સમજાવતાં નિલેશ તેમને પણ જેમ–તેમ બોલવા લાગેલો. અરજદારે નિલેશના કહેવાથી સામાવાળા વિરુદ્ધ ખોટી અરજી કરેલી છે. અરજદારને સમજાવવા અરજદારના ઘરે ભુજ આવેલા ત્યારે નિલેશ હતો તે તેમની સાથે ગાળાગાળી કરી તેમના પુત્ર પર હુમલો કરવા લાગેલો તે તેમના પુત્રને માર મારી ધકકો મારી ભાગી ગયેલો. અરજદારને સમજાવવા છતાં પણ તેમની જાણ બહાર તેનાથી સંબંધ ચાલુ રાખેલા. અરજદાર નિલેશ બોડસે નામના વ્યકિત સાથે પોતાની મરજીથી રહે છે. અરજદાર પક્ષ દ્વારા આ સાહેદ તેમના માતાની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં આ સાહેદના સરતપાસના સોગંદનામાથી કોઇ વિરુદ્ધની હકીકત કે જે અરજદાર પક્ષની અરજી તથા

તેમના આંક:૧૮ ના પુરાવાને સમર્થન કરે તેવી બાબત અરજદાર પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(૨૧)** આ તબકકે એ નોંધવું જરૂરી છે કે, એક સામાન્ય બુદ્ધિમતા ધરાવતી કોઇ પણ વ્યકિત સહજ રીતે સ્વીકારી શકે કે કોઇ માતા પોતાની પુત્રીના હિતને અનુકુળ ન હોય તેવી હકીકતો સહેલાઇથી જાહેર કરે નહીં અને આથી અરજદારના માતા દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાનું મહત્વ વિશેષ બની જાય છે. સાહેદ–તારાબાઇ કે જેઓ અરજદારના માતા થતા હોય તેઓ હિત ધરાવતા સાહેદ હોવા છતાં આ સાહેદનો પુરાવો અરજદારની અરજી તથા સોગંદનામાને સમર્થન આપવાના બદલે અરજદારની વિરુદ્ધમાં અને સામાવાળાની તરફેણમાં હોવાનું સ્પષ્ટ થાય છે અને આથી પણ આ સાહેદના પુરાવાને અવગણી શકાય તેમ નથી. અરજદારના માતાને અરજદાર વિરુદ્ધ પુરાવો રજુ કરવા કોઇ સ્પષ્ટ કારણ હોય તેવું કોઇ કારણ અરજદાર રેકર્ડ ઉપર લાવી શકેલ નથી અને આથી અરજદારના માતાની જુબાનીને ન માનવા માટે કોઇ કારણ નથી.

**(૨૨)** સામાવાળા દ્વારા તરફે આંક:૫૧ થી આંક:૭૮ સુધી રજુ કરેલા દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં લેતાં અરજદાર ઘરેલુ હિંસાના ભોગ બનેલ હોય તેમ સાબિત થતું નથી. જયારે નિલેશ બોરસેના કારણે સામાવાળા અને અરજદાર વચ્ચે અણબનાવ બનેલ હોવાનું સાબિત કરવામાં સામાવાળા પક્ષ સફળ રહેલ છે. આ બાબતને ખુદ અરજદારના માતાએ પણ સોગંદ ઉપર પુરાવો રજુ કરી સમર્થન આપેલું છે. આ બાબતનું ખંડન અરજદાર પક્ષ દ્વારા કરવામાં આવેલું નથી. આ કામના સામાવાળા તરફેના સાહેદ–તારાબાઇ કે જેઓ અરજદારના માતા થાય છે તેઓના પુરાવાથી એવી સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, આ કામના અરજદાર ક્યારેય પણ ઘરેલું હિંસાનો ભોગ બનેલા નથી. અરજદાર પોતાની મરજીથી પોતાના પતિના ઘરનો ત્યાગ કરી ભુજ મધ્યે રહેવા આવી ગયેલ છે. તેઓએ અરજદારને સમજાવવા છતાં અરજદાર માનેલા નથી. આ ઉપરાંત, સામાવાળા દ્વારા અરજદારને શારીરીક માનસીક ત્રાસ હોવા અંગેની તથા સામાવાળાને અન્ય કોઇ સ્ત્રી સાથે સંબંધ હોવા અંગેની કોઇ હકીકત અરજદાર પક્ષ દ્વારા સ્પષ્ટ, વિશ્વસનીય,

આધારભુત અને સાતત્યસભર પુરાવાથી સાબિત કરવામાં આવેલી નથી. અરજદાર દ્વારા તેમના આંક:૧૮ ના સોગંદનામાની સામવાળા પક્ષે ઉલટતપાસમાં એ હકીકતનો સ્પષ્ટ સ્વીકાર કરેલો છે કે, તેઓ સામાવાળાથી ત્રણ વર્ષથી અલગ રહે છે. તેઓ સામવાળા સાથે રહેવા માંગતા નથી. જો સામાવાળા તેમને સન્માનની સાથે તેમની શરતો મુજબ લઈ જાય તો પણ તેઓ જવા તૈયાર નથી. તેઓ તેમના પતિ સાથે જવા માંગતા નથી અને છુટાછેડા પણ આપવા માંગતા નથી. સામાવાળા અરજદારને પોતાની સાથે રાખવા તૈયાર છે અને તે માટેના સામાવાળાએ પ્રયત્નો કરેલા છે તેમ છતાં કોઇ પણ રીતે અરજદાર સામાવાળા સાથે જવા તૈયાર નથી તેવી સ્પષ્ટ હકીકતો પક્ષકારો દ્વારા રજુ કરેલા પુરાવા ઉપરથી સ્પષ્ટ થાય છે અને આથી પણ સામાવાળા દ્વારા આચરવામાં આવેલા કોઇ કૃત્યના કારણે અરજદારને સામાવાળાના ઘરનો ત્યાગ કરવો પડેલો હોય તેમ સાબિત થતું નથી.

**(૨૩)** આ કામના અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, અરજદારની અરજી અને તેને સમર્થન કરતો અહેવાલ પ્રોટેકશન અધિકારી દ્વારા પુરો પાડવામાં આવેલો છે તેમ છતાં આવા પુરાવાનું કોઇ મુલ્યાંકન અદાલત દ્વારા કરવામાં આવેલું નથી. મકાન ભાડે આપનારને તપાસેલ હોવા છતાં તેમના પુરાવાનું કોઇ વિશ્લેષણ કરવામાં આવેલું નથી.

**(૨૩.૧)** જયાં સુધી પ્રોટેકશન ઓફિસરના અહેવાલની બાબત છે ત્યાં સુધી અરજી રજુ થતાં કાયદાકીય જોગવાઇ પ્રમાણે વિદ્વાન અદાલત દ્વારા પ્રોટેકશન ઓફિસર શ્રીનો રીપોર્ટ મંગાવવામાં આવેલો છે. પ્રોટેકશન ઓફિસરે પોતાને લગતી યોગ્ય કાર્યવાહી કરી અહેવાલ રજુ કરેલો છે. આંક:૨૪. જે અહેવાલને સાબિત કરવા અરજદાર પક્ષ દ્વારા કોઇ પુરાવો રજુ કરવામાં આવેલો નથી. એટલું જ નહીં, અહેવાલની વિગતને સમર્થનકારી અન્ય કોઇ પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી ત્યારે માત્ર આવા અહેવાલને ધ્યાનમાં રાખી અદાલત સમક્ષ રજુ થયેલ પક્ષકારોના મૌખિક પુરાવાને નઘણ્ય ગણવા અથવા તો બાજુમાં રાખી દેવો યોગ્ય, ન્યાયિ અને ઉચિત હોવાનું માની શકાય તેમ નથી. આથી હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા આ પ્રોટેકશન

ઓફિસરના અહેવાલને પોતાના ચુકાદાના આવલોકનમાં ધ્યાનમાં લીધેલ નથી તેના કારણે અપીલકર્તા/મુળ અરજદારની અરજી ગ્રાહ્ય રાખવી યોગ્ય, ન્યાયિ અને ઉચિત નથી.

**(૨૩.૨)** આ કામના અપીલકર્તા/મુળ અરજદાર દ્વારા આંક:૧૮ થી સોગંદનામું રજુ કરેલું છે અને તે સોગંદનામા અન્વયે ઉલટતપાસમાં જે હકીકતોનું વિવરણ કરેલું છે અને તે ઉપલબ્ધ પુરાવાઓનું વિસ્તૃત રીતે વિદ્વાન અદાલત દ્વારા મુલ્યાંકન કરવામાં આવેલું છે તેને ધ્યાનમાં લેતાં અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ઉપસ્થિત કરેલી પ્રોટેકશન ઓફિસરના અહેવાલને લગતી દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૨૩.૩)** અપીલકર્તા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી ડી.એન.બારોટ નાઓ દ્વારા અદાલતે આંક:૨૯ થી તપાસવામાં આવેલા સાહેદ–હાસમ મામદહુસેન સમા નાઓના પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરવામાં આવેલ ન હોવા અંગેની દલીલ કરેલી છે.

**(૨૩.૪)** આ સાહેદ–હાસમ મામદહુસેન સમા નાઓએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલો છે કે, નિશાની:૩૦/૧ થી ચુકતે પેમેન્ટ અંગેની નોટરાઈઝ પહોંચ રજુ કરેલી છે તે માલીકીનો દસ્તાવેજ નથી. કામચલાઉ આંક આપેલ આંક:૪૫ નો ભાડા કરાર રજુ કરેલો છે તેમાં મકાનમાલીક એટલે કે, ભાડે આપનારમાં ભાવેશ શંભુલાલ વાળંદનું નામ લખેલું છે. આ સાહેદની તરફેણમાં આ મકાનના માલીકીનો કોઈ દસ્તાવેજ કરવામાં આવેલો નથી. ભાડા કરારમાં સાક્ષી તરીકે તેમની સહી નથી કે નોટરાઈઝડ થયેલ નથી કે પક્ષકારોના ફોટા પણ નથી. એટલું જ નહીં, આ કામના સામાવાળાએ આ સાહેદની હાજરીમાં કે તેઓની રુબરુમાં કયારેય આ કામના અપીલકર્તા/મુળ અરજદાર સાથે ઘરેલુ હિંસાનું કોઈ વર્તન કરેલું હોય તે જોયેલું નથી કે સાંભળેલું નથી. આમ, અરજદાર તરફે આંક:૨૯ થી સાહેદ–હાસમ મામદહુશેન સમા નાઓને તપાસવામાં આવેલા છે તે સાહેદનો પુરાવો તથા આંક:૨૪ થી રજુ થયેલા પ્રોટેકશન ઓફિસરના અહેવાલનું મુલ્યાંકન કરવામાં આવે તો તેનાથી પણ અરજદારના કેસની હકીકતને

સમર્થનકર્તા કોઇ પુરાવો પ્રાપ્ત થયેલાનું માની કે સ્વીકારી શકાય તેમ નથી, તેવા સંજોગોમાં દલીલ ખાતર એવું માની લેવામાં આવે કે આ પુરાવો હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા અવલોકન સમયે ધ્યાનમાં લીધેલ નથી અને અરજદારની વિરુદ્ધ ચુકાદો આપેલો છે તે દલીલ માની શકાય તેમ ન હોવાનું આ અદાલતનું વિનમ્રપણે માનવું છે.

**(૨૪)** એ નોંધવું આવશ્યક છે કે, ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ના કાયદાનો હેતુ એક અબળા ઘરેલુ હિંસાનો ભોગ બનેલી સ્ત્રીને તાત્કાલિક અને અસરકારક રાહત પુરી પાડવાનો છે. આ અધિનિયમની કલમ–૩ મુજબ ઘરેલુ હિંસા એટલે શારીરિક, માનસિક, મૌખિક, ભાવનાત્મક, આર્થિક અથવા જાતીય અત્યાચાર. આ અધિનિયમ હેઠળ રાહત મેળવવા માટે સૌ પ્રથમ એ સાબિત થવું જરુરી છે કે, અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલા છે અને સામાવાળા દ્વારા અરજદાર વિરુદ્ધ આ કાયદાની કલમ–૩ માં વ્યાખ્યા કર્યા મુજબના તત્વો પૈકી કોઇ પણ તત્વ મુજબનું ઘરેલુ હિંસાનું કૃત્ય આચરવામાં આવેલું છે. આ બાબતો વિશ્વસનીય પુરાવાથી સાબિત કરવાનો બોજો અરજદાર પક્ષ ઉપર રહેલો છે. માત્ર આક્ષેપો કરવાથી અરજદાર રાહત મેળવવા હકકદાર બનતા નથી. આ અદાલત દ્વારા અરજદાર તથા સામાવાળા પક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું સંપૂર્ણ અને સ્વતંત્ર રીતે મુલ્યાંકન કરવામાં આવ્યું છે. અરજદાર દ્વારા પોતાની અરજી તથા પુરાવાના સોગંદનામામાં સામાવાળા અને તેમના માતા ઉપર અનેક આક્ષેપો કરી સામાવાળાએ તેણી ઉપર ઘરેલુ હિંસા આચરેલ હોવાનું જણાવવામાં આવેલું છે.

**(૨૪.૧)** પરંતુ આ પ્રકરણમાં અરજદારની અરજી, અરજદારનું સોગંદનામું, અરજદારના સાહેદનું સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં સ્પષ્ટ થાય છે કે, અરજદારના આક્ષેપોને સમર્થન આપતો કોઇ વિશ્વસનીય કે આધારભુત પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. ઉલટું, સામાવાળા દ્વારા રજુ કરેલા પુરાવા ઉપરથી એવું સ્પષ્ટપણે સાબિત થાય છે કે, સ્વયં અરજદારે પોતાની સ્વેચ્છાએ સામાવાળાના ઘરનો ત્યાગ કરેલો છે. અરજદારના માતાની જુબાની સહિત સામાવાળા દ્વારા રજુ કરેલા પુરાવા પણ

અરજદારે સ્વેચ્છાએ સામાવાળાના ઘરનો ત્યાગ કરેલ હોવાની હકીકતને સમર્થન કરે છે અને આથી સામાવાળાએ અરજદાર ઉપર ઘરેલુ હિંસાનું કોઇ કૃત્ય કરેલું હોય અથવા તો અરજદારને ઘરમાંથી કાઢી મુકયા હોય તેમ સાબિત થતું નથી. જયારે સામાવાળા દ્વારા રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા પરથી એવી હકીકત સાબિત થાય છે કે, અરજદાર દ્વારા કરેલ સામાવાળાના ઘરનો ત્યાગ એ સામાવાળાના કોઈ ઘરેલુ હિંસાના કૃત્યનું પરિણામ ન હતું, પરંતુ પોતાની મરજીનું પરિણામ હતું. અરજદારના માતાના સોગંદ ઉપરના પુરાવાથી એવું સ્પષ્ટપણે ફલીત થાય છે કે, અરજદારે અન્ય વ્યક્તિ સાથેના સંબંધોના કારણે પોતાની મરજીથી સામાવાળાના ઘરનો ત્યાગ કરેલો છે. આ સંજોગોમાં અરજદારના પોતાના સ્વૈચ્છિક કૃત્યને ઘરેલુ હિંસાનું સ્વરુપ આપી કાયદાકીય રાહત મેળવવાનો અરજદાર દ્વારા પ્રયાસ કરવામાં આવેલ હોવાનું માનવાને કારણ રહે છે.

**(૨૫)** કાયદાનો એ સુસ્થાપિત સિદ્ધાંત છે કે, કોઈ પણ વ્યક્તિ પોતાના જ ખોટા અથવા પોતાના જ કૃત્યનો ગેરલાભ મેળવી શકતી નથી. આ પ્રકરણમાં રજુ થયેલો સમગ્ર પુરાવો તથા ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચાને ધ્યાનમાં લેતાં અરજદાર દ્વારા પોતાના અંગત અને અન્ય કારણસર સામાવાળાના ઘરનો ત્યાગ કરેલ હોવાનું સાબિત થાય છે. ખુદ અરજદારના માતા દ્વારા અરજદારે સામાવાળા પર કરેલા તમામ આક્ષેપો તમામ ખોટા છે, નિલેશ બોડસે નામના વ્યકિતના કારણે સામાવાળા અને અરજદાર વચ્ચે અણબનાવ થયેલો છે, અરજદારને સમજાવવા છતાં પણ તેમની જાણ બહાર તેનાથી સંબંધ ચાલુ રાખેલા છે અને સામાવાળા વિરૂદ્ધ ખોટા કેસો કરેલા છે તથા તેમની વિરૂદ્ધ પણ ખોટી અરજીઓ કરેલી છે, હાલ પણ અરજદાર નિલેશ બોડસે નામના વ્યકિત સાથે પોતાની મરજીથી રહે છે તેવો સ્પષ્ટ પુરાવો પુરો પાડેલો છે. અરજદાર સ્વેચ્છાએ સામાવાળાનું દિલ્હીનું ઘર છોડી બાળકો સાથે ભુજ આવી ગયેલા તે સંબંધેની ગુમ નોંધના કામે અરજદાર દ્વારા પોતે પોતાની ઈચ્છાથી ઘર છોડેલાનું નિવેદન આપેલું છે તેનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર છે. આ તમામ બાબતો ધ્યાનમાં લેતાં અરજદારે અન્ય વ્યકિત સાથેના સંબંધના કારણે સામાવાળાના ઘરનો ત્યાગ કરેલ હોવાની સંભાવના

રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં નકારી શકાય તેમ નથી અને આથી અરજદાર દ્વારા પોતાના નિર્ણયના પરિણામને સામાવાળા સામે ઘરેલુ હિંસા તરીકે રજુ કરી કાયદાકીય રાહત મેળવવા પ્રયાસ કરેલો હોય તેમ સ્પષ્ટ થાય છે. જયારે રજુ થયેલા પુરાવા પરથી અરજદાર પોતાની સ્વેચ્છાએ અને મરજીથી પોતાના અંગત કોઈ કારણસર સામાવાળાનો ત્યાગ કરેલ હોવાનું સાબિત થતું હોય ઘરેલુ હિંસા થયાનું પ્રાથમિક તત્વ જ સાબિત થતું નથી અને આથી પણ અરજદારની અરજી નામંજુર થવા પાત્ર હતી.

**(૨૬)** આમ, અરજદાર દ્વારા સામાવાળા વિરુદ્ધ ઘરેલુ હિંસા બાબતના જે આક્ષેપો કરેલા છે તેના સમર્થનમાં કોઈ વિશ્વસનીય કે આધારભુત પુરાવો રજુ કરેલો નથી. અરજદાર દ્વારા પોતાની સ્વેચ્છાએ કોઈ બળજબરી વગર સામાવાળાના ઘરનો ત્યાગ કરેલ હોવાનું સાબિત થાય છે. સામાવાળાએ અરજદાર ઉપર ઘરેલુ હિંસા આચરી કાઢી મુકેલ હોવાની હકીકત સાબિત કરવામાં અરજદાર પક્ષ નિષ્ફળ ગયેલ છે. અરજદારની વર્તણુંકથી એવું સાબિત થાય છે કે, સામાવાળાના ઘરનો ત્યાગ તેણીએ સ્વેચ્છાએ અને પોતાની મરજીથી કરેલો છે. સામાવાળાના કોઈ કૃત્યના કારણે અરજદારને સામાવાળાનું ઘર છોડવું પડેલું હોય તેમ સાબિત થતું નથી. આમ, અરજદાર દ્વારા તેમની અરજી તથા પુરાવાના સોગંદનામામાં સામાવાળા ઉપર ઘરેલુ હિંસા અંગેના જે આક્ષેપો કરેલા છે તે આક્ષેપો તથા કલમ-૩ માં વ્યાખ્યા કર્યા મુજબના તત્વો વિશ્વસનીય, આધારભુત અને સાતત્યસભર પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૧૨ અન્વયેની અરજી દાખલ કરી અરજદાર દ્વારા જે આ જ કાયદાની વિવિધ કલમો હેઠળ જે દાદ માંગવામાં આવેલી છે તે પૈકી કોઈ પણ દાદ મેળવવા હકકદાર બનતા નથી.

**(૨૭)** ઉપરોકત કરેલ ચર્ચાને ધ્યાનમાં લેતાં મુળ અરજદાર તેમની અરજીમાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર બનતા ન હતા અને મુળ અરજદારની અરજી નામંજુર થવા પાત્ર હતી અને આથી સદરહુ અરજી નામંજુર કરી હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા કાયદાની કોઈ ભુલ કરેલ હોવાનું ફલીત થતું નથી. હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા પસાર કરવામાં

આવેલો ચુકાદો વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે, સામાવાળાએ અરજદાર વિરુદ્ધ ઘરેલુ હિંસા આચરેલ હોવાનું માનવાલાયક કારણ જણાઈ આવતું નથી તેમજ અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ પૈકી કોઈ પણ દાદ મેળવવા હકકદાર બનતા નથી તેવું જે માનેલું છે તે અંગેના સ્પષ્ટ અને વિગતવાર કારણો પક્ષકારો દ્વારા રજુ કરેલા તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલ શ્રીઓની દલીલો સાંભળી, પક્ષકારો દ્વારા રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓની વિગતવાર ચર્ચા કરીને આપેલા હોય સદરહુ હુકમ યોગ્ય, કાયદસરનો, ન્યાયિ તથા રજુ થયેલા પુરાવા આધારીત હુકમ હોવાનું સ્પષ્ટ થાય છે. વિદ્વાન અદાલત દ્વારા પુરાવાઓનું યોગ્ય અને ન્યાયિક મુલ્યાંકન કરેલું છે અને કાયદાના પ્રબંધોનું યોગ્ય અર્થઘટન કરેલું છે. સદર ચુકાદાના કારણો અને તારણો પુરાવા પર આધારીત છે. આ સંજોગોમાં વિદ્વાન અદાલત દ્વારા પસાર કરવામાં આવેલા ચુકાદામાં કોઈ ભુલ હોય કે કાયદાકીય ક્ષતિ હોય તેમ જણાતું ન હોય તેમાં હસ્તક્ષેપ થવાને પાત્ર નથી.

(૨૮) આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચાને ધ્યાનમાં લેતાં મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામના મુળ અરજદાર અને હાલના કામના અપીલકર્તા દ્વારા હાલની જે અપીલ દાખલ કરવામાં આવેલી છે તે નામંજુર કરવી ન્યાયોચિત જણાતું હોય ***મુદ્દા નં.૧*** નો જવાબ ***" નકારમાં "*** આપવામાં આવે છે અને ***મુદ્દા નં.૨*** સંબંધે નીચે મુજબનો ***" આખરી હુકમ "*** કરવામાં આવે છે :-

## ***-:: આખરી હુકમ ::-***

(૧) હાલની ફોજદારી અપીલ નં.૧૮૦/૨૦૨૫ ના અપીલકર્તા તે મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામના અરજદાર દ્વારા ભુજ-કચ્છના ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામે તા:૨૭/૧૦/૨૦૨૫ ના રોજ આંક:૮૦ લગત કરેલ હુકમથી નારાજ થઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૪૧૩ અન્વયે દાખલ કરેલ હાલની અપીલ આથી ***નામંજુર યાને રદ્દ*** કરવામાં આવે છે.

(૨) હુકમ કરનાર વિદ્વાન અદાલત તે ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૭૭/૨૦૨૨ ના કામે તા:૨૭/૧૦/૨૦૨૫ ના રોજ આ કામના અપીલકર્તા/મુળ અરજદારની કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ મેળવવાના કાયદાની કલમ–૧૨ તળેની અરજી નામંજુર કરતો જે હુકમ કરેલો છે તે હુકમ આથી ***કાયમ*** કરવામાં આવે છે.

(૩) આ હુકમની એક નકલ સાથે હુકમ કરનાર વિદ્વાન અદાલતનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ હુકમ કરનાર વિદ્વાન અદાલતને પરત મોકલી આપવું.

(૪) ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનું સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૨૪ ની જોગવાઇ મુજબ, આ ચુકાદાની નકલ આ અરજીના બન્ને પક્ષકારો, સંબંધિત પોલીસ સ્ટેશન તથા પ્રોટેકશન ઓફિસર નાઓને વિનામુલ્યે પુરી પાડવી.

(૫) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તા:૨૮ મી, માહે:જુલાઇ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સહી/–
**( મહિડા દિલીપ પી. )**
સેશન્સ જજ, કચ્છ–ભુજ
GJ00551

તા:૨૮/૦૭/૨૦૨૬
ભુજ–કચ્છ

*BHP*